# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૫૩, ડિસેમ્બર ૨૦૧૯-જાન્યુઆરી ૨૦૨૦




## એપ્રેન્ટીસ લાઇનમેનોને
# કૌશલ્યવર્ધક તાલીમ કાર્યક્રમનું હિંમતનગર ખાતે આયોજન



વીજ અકસ્માત નિવારવા અંગેની જાગૃતિ અભિયાન



ઊંઝા ખાતે શ્રી ઉમિયા માતાજીના લક્ષચંડી મહાયજ્ઞ



નવીનીકરણ કરેલ પોલીસ સ્ટેશનનો ઉદ્‌ઘાટન સમારંભ

# આ અંકમાં

**અંક–૫૩**
**ડિસેમ્બર ૨૦૧૯–જાન્યુઆરી ૨૦૨૦**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**

**સંરક્ષક**
શ્રી મહેશ સિંઘ, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પીઆર)

**સંકલન સહાયક**
શ્રી મિતેષ વૈષ્ણવ, સિનિયર આસિસ્ટન્ટ (કોર્પોરેટ કમ્યુનિકેશન સેલ)

**તંત્રી મંડળ**
શ્રી પી.બી, પંડ્યા, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી વી. એમ. શ્રોફ, ઇન્ચાર્જ, મુખ્ય ઇજનેર (પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ) એન્ડ સી.એફ.ઓ.
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એલ. એ. ગઢવી, વિશેષ મુખ્ય ઇજનેર, પાલનપુર
શ્રી સી. જે. રાજપાલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી પી. સી. શાહ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી આર. ડી. ઝાલા, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી જી. ડી. પટેલ, અધિક્ષક ઇજનેર (ટેક.)

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા.

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

## આ અંક આપને કેવો લાગ્યો?

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
pro@ugvcl.com
mitesh@ugvcl.in

## આ અંકમાં

**ગ્રાહક જાગૃતિ**



» ગ્રાહક જાગૃતિ અંતર્ગત 'ઝૂંપડપટ્ટીમાં અજવાળાં' કાર્યક્રમનું આયોજન.................................. ૦૪

**લક્ષચંડી મહાયજ્ઞ**

» ઊંઝા ખાતે શ્રી ઉમિયા માતાજીના લક્ષચંડી મહાયજ્ઞમાં વિના વિક્ષેપે વીજ પુરવઠો પૂરો પાડતું યુજીવીસીએલ...... ૦૬

**વીજ અકસ્માત**

» તલોદ ખાતે વીજ અકસ્માત નિવારવા અંગેનો જાગૃતિ અભિયાન કાર્યક્રમ............................ ૦૮

**કૌશલ્યવર્ધક**

» એપ્રેન્ટીસ લાઇનમેનોને કૌશલ્યવર્ધક તાલીમ કાર્યક્રમનું હિંમતનગર ખાતે આયોજન.................. ૧૦

**ઉદ્‌ઘાટન**

» યુજીવીસીએલના નવીનીકરણ કરેલ પોલીસ સ્ટેશનનો ઉદ્‌ઘાટન સમારંભ.................. ૧૧

**સંક્ષિપ્ત સમાચાર**

» બંધારણ સ્વીકૃતિની ૭૦મી વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે મહેસાણા ખાતે લોકજાગૃતિ કાર્યક્રમનું આયોજન.......... ૧૨

» યુજીવીસીએલ વર્તુળ કચેરી સાબરમતી, ખાતે વર્કશોપનું આયોજન............................ ૧૩

» મેનેજિંગ ડિરેક્ટરશ્રીને જન્મદિવસની શુભકામના........ ૧૩

» મહિલા સશક્તિકરણ અંતર્ગત જાગૃતિ કાર્યક્રમનું આયોજન.......................... ૧૩


» આઈસીઆઈએસએના પ્રતિનિધીઓની મુલાકાત........ ૧૪

» યુજીવીસીએલ પરિવાર ગૌરવ......................... ૧૪

» ઉત્તરપ્રદેશની ટીમ દહેગામ SKY ફીડરની મુલાકાતે..... ૧૪

» શ્રદ્ધાંજલી.......................................... ૧૪

**પ્રતિભાવ** ૧૫



**મિત્રો, આપણે સંતોષભર્યા વર્ષ ૨૦૧૯ને વિદાય આપી ૨૦૨૦માં મંગળ પ્રવેશ કર્યો છે. નવી આશાઓ અને નવા સંકલ્પોથી શોભતા આ વર્ષમાં આપ સૌ પારિવારિક જીવનમાં તથા કાર્યલક્ષી જીવનમાં પ્રગતિનાં નવાં સોપાન સર કરો તેવી અભ્યર્થના રાખું છું.**

*“તમે પ્રતિષ્ઠાને લાયક બનો અને તમને પ્રતિષ્ઠા ન મળે તો તે ચાલશે, પણ પ્રતિષ્ઠાને પાત્ર બન્યા વિના જ પ્રતિષ્ઠા મળે તો તે નુકસાનકારક.”*

**– પોર્ટુગીઝ કહેવત**

**પ્રિય કર્મચારી મિત્રો,**

વર્ષ ૨૦૦૬થી વ્યવસાયિક ધોરણે અસ્તિત્વમાં આવેલ આપણી ઉત્તર ગુજરાત વીજ કંપનીએ નાનામાં નાના હેલ્પરથી માંડીને ઉચ્ચ અધિકારીઓના સહિયારા પુરુષાર્થથી ખૂબ જ મહત્ત્વની કામગીરી અને કાર્યપ્રદર્શન દર્શાવેલ છે, જેનું હું ગૌરવ અનુભવું છું.

મને એ વાતનો આનંદ છે કે કંપનીમાં અત્યાર સુધી સેવા આપનારા કર્મચારીઓ, અધિકારીઓ અને શાસનકર્તાઓ દ્વારા કાર્યપદ્ધતિની એવી સુદ્રઢ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે કે, તેઓ દ્વારા કંડારવામાં આવેલ કેડીઓ દ્વારા આજે પણ આપણે પ્રગતિનાં સોપાનો સર કરી રહ્યાં છીએ. સફળતાનો રાજમાર્ગ હંમેશા નાની નાની કેડીઓથી જ તૈયાર થતો હોય છે.

સર્વોત્તમ સેવા થકી ગ્રાહકોને સંતોષ આપવાની કંપનીની કામગીરીને વધુ વેગ મળી રહ્યો છે, આપણે મેળવેલ પ્રતિષ્ઠાએ આપણને વધુ પ્રતિષ્ઠાપાત્ર બનાવ્યા છે, જેનો મને આનંદ છે.

મિત્રો, આપણે સંતોષભર્યા વર્ષ ૨૦૧૯ને વિદાય આપી ૨૦૨૦માં મંગળ પ્રવેશ કર્યો છે. નવી આશાઓ અને નવા સંકલ્પોથી શોભતા આ વર્ષમાં આપ સૌ પારિવારિક જીવનમાં તથા કાર્યલક્ષી જીવનમાં પ્રગતિનાં નવાં સોપાન સર કરો તેવી અભ્યર્થના રાખું છું.

ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર દ્વારા રચાયેલ બંધારણને અનુસરીને આપણી લોકશાહી દુનિયાભરમાં પ્રતિષ્ઠા પામી છે. ૨૬મી જાન્યુઆરી નિમિત્તે આપ સર્વેને પ્રજાસત્તાકદિનની હું ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું

તાજેતરમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈરિગેશન એન્ડ પાવર (CBIP) દ્વારા ડિસ્ટ્રિબ્યુશનની કામગીરીનો એવોર્ડ જાહેર થયો છે અને વધુ એક વાર આપણે આપણી કાર્યક્ષમતા પુરવાર કરીને યુજીવીસીએલની યશકલગીમાં એક પીંછાનો ઉમેરો કર્યો છે. કામગીરીના સંલગ્ન એવા તમામ કર્મચારીઓને હું હૃદયપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.



**મહેશ સિંઘ,** આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# ગ્રાહક જાગૃતિ અંતર્ગત 'ઝૂંપડપટ્ટીમાં અજવાળાં' કાર્યક્રમનું આયોજન

## ગ્રાહક સાથે સંવાદ કેળવવા બ્લડ ડોનેશન કેમ્પ, હેલ્થ ચેકઅપ કેમ્પ તથા નાટ્ય અને ભવાઈ કાર્યક્રમનું આયોજન



સ્વાગતમ્



દિપપ્રાગટ્ય



ટીમ યુજીવીસીએલ



પ્રતિજ્ઞા



દદુકા ગામે નાટક દ્વારા સમજ

સાતત્યપૂર્ણ વિશ્વસનીય વીજપુરવઠો પૂરો પાડીને ભારતની અગ્રગણ્ય વીજ કંપની તરીકે પ્રસ્થાપિત થયેલ ઉત્તર ગુજરાત વીજ કંપનીએ સફળતાના શિખરો સર કરીને ૧૯ જેટલા રાષ્ટ્રીય અને રાષ્ટ્રીયકક્ષાના એવોર્ડ પ્રાપ્ત કરેલ છે. સફળતાના યશભાગી કર્મચારીઓનો તમામ કામગીરીમાં મહત્ત્વનો ફાળો રહેલ છે. કંપનીની કામગીરી તેના કાર્યક્ષેત્રના તમામ વિસ્તારોમાં એક સરખી સાતત્યપૂર્ણ રહી નથી પરંતુ કંપનીની સર્વાંગી કામગીરીના લીધે સફળતા પ્રાપ્ત થાય છે કંપનીના કેટલાક વિસ્તારો કે જે બાવળા વિભાગીય કચેરી તથા સાબરમતી વિભાગીય કચેરીમાં આવે છે જેવા કે, ધોળકા, ધંધુકા, વિરમગામ, કોઠ, માંડલ જેની સામાજિક આર્થિક અને ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈએ તો વીજ વિતરણ અને વીજ વિક્ષેપ નિવારણની કામગીરી થોડીક પડકારજનક છે તેમજ ગ્રાહકો અને કંપની વચ્ચેનો સંવાદ અપેક્ષિત ન હોવાને લીધે વીજ વિતરણ ખોટ, મહેસુલી આવકનો લક્ષ્યાંક યોગ્ય રીતે પ્રાપ્ત થતો નથી. ગ્રાહકો અને કંપની વચ્ચે સંવાદ વધુ સારી રીતે સ્થાપિત થાય તે માટે બાવળા વિભાગીય કચેરીના તત્કાલિન કાર્યપાલક ઈજનેરશ્રી આશાબેન ખાલપાડા દ્વારા નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો, જેને અનુલક્ષીને ગ્રાહકોની વચ્ચે જઈને ગ્રાહકોનો સંતોષ કંપની પરત્વે હકારાત્મક બને તે માટે વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ છે.

સાબરમતી વર્તુળ કચેરીનાં તાબા હેઠળ બાવળા વિભાગીય કચેરીમાં હાલ T&D લોસવાળા ફીડર પરનાં ગામોમાં ગ્રામ્યજનો માટે ''ઝૂંપડપટ્ટીમાં અજવાળાં'' કાર્યક્રમ અંતર્ગત દરેક ગામમાં જેટલા ઘર તેટલા મીટર પૂરા પાડવા માટેનો નવતર કાર્યક્રમ હાથ ધરાયેલ છે. જેમાં ગ્રામ્યજનો માટે યુજીવીસીએલની સાથે ટાઈ-અપ હોસ્પિટલ, HCG તેમજ શેલ્બી હોસ્પિટલ દ્વારા ગામનાં લોકો માટે નિઃશુલ્ક મેડીકલ ચેકઅપ કેમ્પ, રેડક્રોસ સોસાયટી દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ તેમજ નાયબ ઈજનેર ધંધુકા શ્રી એન.આર. ઠક્કર દ્વારા ખેડૂત ભાઈઓ માટે શીવયોગ કૃષિ હીલિંગનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

ઉપરોક્ત કાર્યક્રમ અંતર્ગત બાવળા-૧ પેટા વિ. કચેરીમાં મેટાલ ખાતે (૧૯-૧૦-૨૦૧૯), સાણંદ-૨ પેટા વિ. કચેરીમાં દદુકા ખાતે તા. ૧૭-૧૦-૨૦૧૯, કોઠ પેટા વિભાગીય કચેરીમાં કોઠ ખાતે તા. ૨૧-૧૦-૨૦૧૯ તેમજ ધંધુકા પેટા વિભાગીય


ગુંજારના ગામજનો


કોઠ ગામે ભવાઈ દ્વારા સમજ


કોઠ ગામે સ્વાગત



મેટાલ ગામ


મેટાલ ગામ

કચેરીમાં તા. ૧૩-૧૧-૨૦૧૯ ગુંજાર ખાતે ઉપરોક્ત પ્રવૃત્તિઓ કરવામાં આવેલ. સાથે સાથે નાટક/ભવાઈ દ્વારા ગ્રામ્ય લોકોને વીજચોરી નહીં કરવી તેમજ સલામતી પ્રત્યે સભાનતા રાખવાનો સંદેશ આપેલ.

માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ, તેમના ધર્મપત્ની શ્રીમતી શાલીનીબેનની પ્રેરક ઉપસ્થિતિમાં મુખ્ય ઇજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યા દ્વારા ગ્રામ્યજનોને ખૂબ જ સરળ રીતે વક્તવ્ય આપી વીજળીનાં પ્રામાણિક ઉપયોગ અંગેની સમજ આપી ગ્રામ્યજનોને અપીલ કરવામાં આવેલ.

ઉપસ્થિત ગ્રાહકોને વીજ ગેરરીતિ અને વીજ બીલની વસુલાત અંગે જાણકારી આપી વિના વિક્ષેપે વીજ વિતરણ વ્યવસ્થા અંગે હકારાત્મક પ્રતિસાદ આપવા અપીલ કરેલ. કંપનીની કામગીરી અંગેના પ્રશ્નો અંગે સાનુકૂળ પ્રતિસાદ આપેલ. અધિક્ષક ઇજનેર, સાબરમતી, શ્રી આર.ડી. ઝાલા દ્વારા યુજીવીસીએલની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપવામાં આવેલ. દરેક કાર્યક્રમોના અંતે સંયુક્ત રીતે પ્રતિજ્ઞા કાર્યપાલક ઇજનેર શ્રીમતી આશાબેન ખાલપાડા દ્વારા લેવડાવવામાં આવેલ.

કોઠ ગામના કાર્યક્રમમાં બાવળા વિભાગીય કચેરીની ટીમ સાથે અધિક્ષક ઇજનેરશ્રી આર.ડી. ઝાલા પણ ઉપસ્થિત રહેલ. ગ્રામ્યજનો દ્વારા ખૂબ જ ઉમળકાભેર સ્વાગત કરીને ગામની મુલાકાત લેવા બદલ આભાર વ્યક્ત કરેલ. ધંધુકા પેટા વિભાગીય કચેરીનાં ગુંજાર ગામે તા. ૧૩-૧૧-૨૦૧૯ના રોજ માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રી તેમજ મુખ્ય ઇજનેર (ઓપરેશન)ની પ્રેરક ઉપસ્થિતિમાં શેલ્બી હોસ્પિટલ દ્વારા હેલ્થ ચેકઅપ કેમ્પ તેમજ રેડક્રોસ બ્લડબેંક બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમમાં ઉપસ્થિત ગ્રામ્યજનોએ ખુશીની લાગણી અનુભવેલ. સદર ચારેય કાર્યક્રમ અંતર્ગત ૩૬૨ ઝૂંપડપટ્ટીનાં વીજ જોડાણ એજ દિવસે કેમ્પમાં આપવામાં આવેલ. સદર કાર્યક્રમની જાણ થતાં ઘણાં બધાં ગામોમાંથી BPL કાર્ડધારકો દ્વારા વીજ જોડાણ માટે યુજીવીસીએલ બાવળાની કચેરીમાં પૂછપરછ માટે આવેલ તેમજ વીજ જોડાણ માંગવાની તૈયારી દર્શાવેલ. સદર કાર્યક્રમો પાછળનો આશય ગ્રામ્યજનો-ગ્રાહકો સાથે વિચારણાનું આદાન પ્રદાન કરી, યુજીવીસીએલ દ્વારા તેઓ માટે એક સામાજીક પ્રવૃત્તિની પહેલ કરી, વીજ ચોરી નહીં કરી, પ્રામાણિકપણે વીજળી વાપરવાની સમજ આપવા માટેનો રહેલો.

આ કેમ્પમાં આશરે ૨૫૦ જેટલા ગ્રામજનોએ આ નિઃશુલ્ક હેલ્થ ચેકઅપનો લાભ લીધેલ છે. તેમજ ૧૬ લોકોએ બ્લડ ડોનેશન પણ કરેલ.

કાર્યક્રમમાં ઉપસ્થિત ગ્રાહકોને વીજચોરી નિવારવા તેમજ વીજ કંપનીની માલમિલ્કતને નુકસાન ન પહોંચાડવા અંગે સંકલ્પ લેવડાવવામાં આપેલ.

આમ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ તેમજ અધિક્ષક ઇજનેરશ્રી સાબરમતીના નેતૃત્વ હેઠળ બાવળાના કાર્યપાલક ઇજનેરશ્રીની ટીમ દ્વારા આવા કાર્યક્રમોનું આયોજન કરી ગ્રાહકો/બિન ગ્રાહકોની માનસિકતા બદલવા માટે એક નવતર પ્રયાસ કરવામાં આવેલ જેનો ગ્રાહકો દ્વારા ખૂબ સુંદર પ્રતિસાદ મળેલ જે માટે સાબરમતી વર્તુળ કચેરી અને બાવળા વિભાગ કચેરીને સહર્ષ બિરદાવવામાં આવેલ. ■

# ઊંઝા ખાતે શ્રી ઉમિયા માતાજીના લક્ષચંડી મહાયજ્ઞમાં

# વિના વિક્ષેપે વીજ પુરવઠો પૂરો પાડતું યુજીવીસીએલ

## અભુતપૂર્વ વીજવિતરણ વ્યવસ્થા દ્વારા વધુ એકવાર ઐતિહાસિક કામગીરી...



ઉદ્‌ઘાટન



પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત



વોચડોગ ટ્રાન્સ્ફોર્મર

ભારતીય સંસ્કૃતિના અને ગુજરાતના ઇતિહાસમાં સૌ પ્રથમવાર વિશ્વ કલ્યાણના હેતુથી ૧૮મી ડિસેમ્બરથી ૨૨મી ડિસેમ્બર સુધી લક્ષચંડી મહાયજ્ઞનું 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવુ આયોજન કરવામાં આવેલ. ૬૦ લાખથી વધુ લોકો આ સમય દરમ્યાન ઊંઝા પધારેલ હોવાનું માનવામાં આવી રહ્યું છે. કાર્યક્રમની સફળતાના આ યજ્ઞમાં ઉત્તર ગુજરાત વીજ કંપનીએ સતત વિના વિક્ષેપે વીજ પુરવઠો પૂરો પાડવાનું ભગીરથ કામ કરવાનું આગોતરૂં આયોજન જેટકોના સહયોગથી કરવામાં આવેલ છે.

ઐઠોર રોડ ઉપર બનાવવામાં આવેલ ઉમિયાનગરમાં સતત વિના વિક્ષેપે વીજ પુરવઠો પૂરો પાડી શકાય તે માટે જરૂરી કામગીરી સંલગ્ન કર્મચારીઓને/ અધિકારીઓને સોંપી અને સંકલનની ઉત્તમ વ્યવસ્થા દ્વારા સતત વીજ પુરવઠો તા.૧૮ થી ૨૨ ડિસેમ્બર દરમ્યાન રહે તેનું સુચારૂ આયોજન થાય તે માટે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘના માર્ગદર્શન હેઠળ તેમજ શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઇજનેર (ઓપ)ના નેતૃત્વ હેઠળ, પાલનપુર સર્કલના વિશેષ મુખ્ય ઇજનેર, શ્રી એલ.એ. ગઢવીની કર્મઠ ટીમ દ્વારા દર વર્ષે ભાદરવી પૂનમના મેળામાં જે રીતે સફળ આયોજન



હાથ ધરવામાં આવે છે તે રીતે કામગીરીનું આયોજન કરવામાં આવેલ.

૨૮૦૦ કેવીના હળવા દબાણના હંગામી વીજ જોડાણની સામે ૩૮૦૦ કેવીના ટ્રાન્સફોર્મર કેપેસીટીના સેન્ટરોની વ્યવસ્થા કરવામાં આવેલ છે. વીજ પુરવઠાને લગતી સંપૂર્ણ કામગીરીનું સંચાલન યુજીવીસીએલના શ્રી એલ.એ. ગઢવી, વિશેષ મુખ્ય ઇજનેર, પાલનપુર, શ્રી આર.કે. પટેલ, કાર્યપાલક ઇજનેર, સિદ્ધપુર વિ.ક. તેમજ શ્રી બી.એસ. પટેલ, નાયબ ઇજનેર પે.વિ.ક ઊંઝા સોંપવામાં આવેલ છે. જ્યારે જેટકોના શ્રી સી.વી. સમ્રાટ, અધિક્ષક ઇજનેર, મહેસાણા સર્કલ, શ્રી એમ.કે. બરંડા, કાર્યપાલક ઇજનેર, ખેરાલુ ટીઆર ડિવિઝન, શ્રી કે.એચ. પરમાર, નાયબ ઇજનેર, ખેરાલુ



ટીઆર ડિવિઝન, શ્રી વી.એ. પટેલ, જુનિયર ઇજનેર ૬૬ કેવી સબ સ્ટેશન ખેરાલુને સબ સ્ટેશનમાંથી સુચારૂ રીતે વીજ પ્રવહનની કામગીરી સોંપવામાં આવેલ.

કુલ ૩૮ (આડત્રીસ) જેટલા હંગામી વીજ જોડાણો આપવામાં આવેલ તેમજ નવી ૧૧ કેવી, ૬.૫ કિમી કંડક્ટર લાઇન ૧૦ મીટર પીએચસી પોલ પર ઊભી કરવામાં આવેલ કુલ ૧૧૦ જેટલા વીજ પોલ તાત્કાલિક ઊભા કરવામાં આવેલ. એચ.ટી. પ્રોટેકશન માટે ૧૧ કે.વી. કમ્પોઝીટ પોલીમર ઇન્સ્યુલેટર ડી.ઓ. ફ્યુઝ, ફ્યુઝ લીંક ૧૦/૧૫ એમ્પીઅર મુકવામાં આવેલ ૨૦૦ કેવીએના કુલ ૧૯ (ઓગણીસ) ટ્રાન્સફોર્મર સેન્ટરો પરથી ૩૮૦ KWનો વીજ પુરવઠો મળે તે માટે મુકવામાં આવેલ



પરામર્શ



નિદર્શન




સ્ટોલ

એલ.ટી. લોડ ડિસ્ટ્રીબ્યુશન માટે ૧૯ નંગ ડિસ્ટ્રીબ્યુશન બોક્સ ૮૦૦ એમ્પીયરના ૮ નંગ, ૭૦૦ એમ્પીયરના ૮ નંગ તેમજ ૭૩૦ એમ્પીયરના ૭ નંગ મુકવામાં આવેલ.

શ્રી ઉમિયા માતાજી લક્ષચંડી મહાયજ્ઞ ૨૦૧૯ના મહોત્સવમા મુખ્ય વીજ પુરવઠો ૬૬ કેવી ઊંઝા સબ સ્ટેશનમાંથી નીકળીને ૧૧ કેવી પ્રેમદીપ ફીડરમાંથી આપવાનું નક્કી કરવામાં આવેલ. સ્ટેન્ડબાય એરેન્જ માટે ઊંઝા, ભાંડુ, મહેસાણા લાઇન તેમજ ઊંઝા-સિદ્ધપુર લાઇન રાખવામાં આવેલ. ઊંઝા ૬૬ કેવીની કુલ ૪૦ એમવીએ કેપેસીટીની સાથે મહત્તમ રેકોર્ડેડ ૧૯.૪ એમવીએ રહેલ છે જ્યારે સ્ટેન્ડ બાય એરેન્જમેન્ટની ૬૬ કે.વી. ઉનાવા સબ સ્ટેશનની ૨૦ એમવીએની છે જેની સાથે મહત્તમ રેકોર્ડ ૯.૫ એમવીએ રહેલ છે.

૧૧ કેવી સપ્લાય તથા સ્ટેન્ડ બાય એરેન્જમેન્ટ ૧૧ કેવી પ્રેમદીપ ફીડર થ્રુ કે જે ૬૬ કે.વી. ઊનાવા સબસ્ટેશન જેનું ઓપરેશન એબીબી કંપની મેઇક રીંગ મેઇન યુનિટ થ્રી વે R.M.U. દ્વારા કરવાનું નક્કી કરવામાં આવેલ. જ્યારે ૧૧ કેવી એઠૌર ફીડર કે જે ૬૬ કેવી ઊંઝા સબ સ્ટેશનમાં આવેલ છે જેનું એબી સ્વીચ દ્વારા ઓપરેશન કરવાનું નક્કી કરવામાં આવેલ.

પ્રેમદીપ ફીડર પર જો વીજ વિક્ષેપ સર્જાય તો ૬૬ કેવી ઉનાવા સબ સ્ટેશનના ૧૧ કેવી સદન ફીડરમાંથી આપવાનું આયોજન કરેલ તેમજ જો કેબલમાં વિક્ષેપ થાય તો પ્રેમ દીપ ફીડરની રેલવે ક્રોસીંગ પછીની સ્વીચ કાપી બીજા રેલવે ક્રોસીંગવાળા ૬૬ કેવી ઊંઝા સબ સ્ટેશનના ૧૧ કેવી ઐઠોર ઊંઝા શહેર ખાતે વીજ પુરવઠો પૂરો પાડવાનું આયોજન કરવામાં આવેલ.

સદર કાર્યક્રમના દિવસો દરમિયાન ૬૬ કેવી ઉનાવા સબ સ્ટેશનમાંથી બનાવેલ ત્રણ લીંક લાઇનોમાંથી પાવર આપવા સારૂ ૧૧ કેવી સહિત જ્યોતિગ્રામ ફીડરની પેનલનો ઉપયોગ કરવાનું આયોજન કરવામાં આવેલ.

પાલનપુર સર્કલ વિશેષ મુખ્ય ઇજનેર શ્રી એલ.એ. ગઢવી તેમજ કાર્યપાલક ઇજનેરશ્રી સિદ્ધપુરના માર્ગદર્શન હેઠળ મહોત્સવ દરમિયાન ઉમિયાનગર તથા



સન્માન



ઊંઝા શહેર વિસ્તારમાં યુજીવીસીએલના ચુનંદા ૪૦ (ચાલીસ) અધિકારી તથા ૧૧૨ (એકસોબાર) જેટલા ટેકનિકલ કર્મચારીઓની ટીમ સતત ૫ દિવસ અને રોજના ૨૪ કલાક કામ કરશે તેવું માઇક્રો પ્લાનિંગ કરવામાં આવેલ.

લક્ષચંડી મહાયજ્ઞ દરમ્યાન ગુજરાત રાજ્યના ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે ગુજરાત ઊર્જા નિગમ લિમિટેડ દ્વારા તૈયાર કરવામાં આવેલ સ્ટોલની મુલાકાત લીધેલ. પાલનપુરના વિશેષ મુખ્ય ઇજનેર, શ્રી એલ.એ. ગઢવી દ્વારા વીજ વિતરણ અંગે કરવામાં આવેલ વ્યવસ્થા માટેની ટૂંકમાં માહિતી આપી માહિતગાર કરેલ, જેનાથી મંત્રીશ્રીએ સંતોષની લાગણી અનુભવેલી. કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા પણ મુલાકાત લઈને વીજ વિતરણ અંગેની માહિતી લઈને કર્મચારીઓને પ્રોત્સાહન આપેલ. વિનાવક્ષેપે વીજ પુરવઠો પૂરો પાડવા બદલ પાલનપુરની ટીમને અભિનંદન પાઠવેલ.

તા.૧૮ થી ૨૨ ડિસેમ્બર ૨૦૧૯ દરમિયાન યુજીવીસીએલ દ્વારા સતત વિના વિક્ષેપે કામગીરી પૂર્ણ કરી એક અભૂતપૂર્વ કામગીરી કરેલ. જેનો કંપનીના સત્તાધીશો દ્વારા હકારાત્મક પ્રતિસાદ આપેલ. તેમજ કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા દ્વારા સફળ કાર્યક્રમ માટે અતિ આવશ્યક વીજ પુરવઠા અને વીજ વિતરણની વ્યવસ્થા બદલ યુજીવીસીએલનો આભાર માની કદરરૂપે અધિકારીઓને સન્માનપત્ર આપીને સન્માનિત કરવામાં આવેલ.

શ્રી એલ.એ. ગઢવી વિશેષ મુખ્ય ઇજનેર, પાલનપુર દ્વારા ખભેખભા મિલાવી રાત દિવસ નિષ્ઠાથી કામ કરવા બદલ નાનામાં નાના હેલ્પરથી માંડી અધિકારીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવેલ. ■

# તલોદ ખાતે વીજ અકસ્માત નિવારવા અંગેનો જાગૃતિ અભિયાન કાર્યક્રમ

**કાર્યક્રમનું આયોજન લાયન્સ કલબ ઓફ તલોદના સહયોગથી કરવામાં આવેલ. જેમાં કંપનીના મેનેજિંગ ડિરેકટર તથા ઉચ્ચઅધિકારીશ્રીઓએ હાજરી આપેલ**


ઉદ્‌ઘાટન


દિપપ્રાગટ્ય


દુરદર્શનને ઈન્ટરવ્યૂ


પ્રદર્શનનું નિદર્શન


બાળકો


નાટ્યકલાકારો સાથે


સંકલ્પ

'સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ' આપવાના ઉદ્દેશ્યને સિદ્ધ કરવા માટે ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા પોતાના ગ્રાહકોની વચ્ચે જઈને વખતોવખત જાગૃતિ કેળવાય તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. એવો જ વીજ અકસ્માત નિવારણ અંગે જનજાગૃતિ કેળવવાના એક કાર્યક્રમનું આયોજન તા. ૨૪-૧૨-૨૦૧૯ના રોજ ઉમિયા જ્ઞાન મંદિર, સબતપુર ચોકડી, તલોદ ખાતે કરવામાં આવેલ. સદર કાર્યક્રમનું આયોજન લાયન્સ કલબ ઓફ તલોદના સહયોગથી કરવામાં આવેલ. જેમાં કંપનીના મેનેજિંગ ડિરેકટર, શ્રી મહેશ સિંઘ, મુખ્ય ઈજનેર (ઓપ.), શ્રી પી.બી. પંડ્યા, ચીફ ઈલેક્ટ્રિકલ ઈન્સ્પેક્ટરશ્રી પધારેલ. શ્રી કે.એમ. પટેલ, પ્રમુખશ્રી લાયન્સ કલબ, શ્રી સુભાષભાઈ પટેલ, જનરલ મેનેજર (ફાઈનાન્સ) શ્રી આર.બી. કોઠારી, વિશેષ મહાપ્રબંધક (એચઆર) શ્રી એ.સી. પ્રજાપતિ, અધિક્ષક ઈજનેર, શ્રી પી.સી. શાહ, અધિક્ષક ઈજનેર, હિંમતનગર, શ્રી આર.સી. દેસાઈ, અધિક્ષક ઈજનેર (બીએસએમ), કંપનીના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ તથા શાળાના બાળકો અને તલોદના પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમના ભાગરૂપે વીજ અકસ્માત નિવારણ માટેના ઉપાયો દર્શાવતું પ્રદર્શન, ચિત્ર સ્પર્ધા તથા નાટકનું આયોજન હાથ ધરવામાં આવેલ. વિજેતાઓને પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ.

આમંત્રિત મહેમાનોની પધરામણી બાદ સૌ પ્રથમ વીજ અકસ્માત નિવારણ અંગે જનજાગૃતિ કેળવવા માટેની કંપની દ્વારા બનાવવામાં આવેલ સીડીનું નિદર્શન કરવામાં આવેલ. ત્યારબાદ અકસ્માત નિવારણ માટેનું પ્રદર્શન કંપનીના મેનેજિંગ ડિરેકટર દ્વારા ખુલ્લુ મુકવામાં આવેલ. તેમજ તેનું ધ્યાનથી નિરીક્ષણ કરી માહિતી મેળવેલ.

સદર કાર્યક્રમની જરૂરિયાત શા માટે? તેવું જણાવતી હિંમતનગર સર્કલના તાબા હેઠળ થયેલ કુલ ૬૮ (અડસઠ) જેટલા માનવ અકસ્માતો હોવાનું જણાવી શ્રી પી.સી. શાહ દ્વારા કાર્યક્રમની પૂર્વ ભૂમિકા સમજાવીને શબ્દોથી સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ.

પ્રાસંગિક પ્રવચનમાં લાયન્સ કલબ ઓફ તલોદના પ્રમુખ શ્રી સુભાષભાઈ પટેલ દ્વારા



સન્માન



કાર્યક્રમની સફળતાના સહયોગીઓ

કલબની પ્રવૃત્તિઓનો ચિતાર રજૂ કરીને યુજીવીસીએલ સાથે મળીને મહત્ત્વના આ કાર્યક્રમમાં સહભાગી બનવાનું થયેલ છે જેને આવકારેલ.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કંપનીના મુખ્ય ઇજનેર શ્રી પી. બી. પંડ્યાએ અકસ્માત અંગે માહિતી આપતા જણાવેલ કે બે પ્રકારના અકસ્માતો થતા હોય છે. એક તો યુજીવીસીએલની લાઇન સંબંધી તેમજ ગ્રાહકોના સ્થળે થતાં અકસ્માતો મોટાભાગના અકસ્માતો થોડીક જ કાળજી લઇએ તો નિવારી શકાય તેવા હોય છે. આઇએસઆઇના માર્કાવાળા ઉપકરણો વાપરવા પર ભાર મુકેલ. ઇએલસીબી અચૂક બતાવવા અનુરોધ કરેલ. તેમજ વીજ અકસ્માત નિવારણ માટેના મહત્ત્વના સૂચનો આપેલ. ઉત્તરાયણ નજીક આવે છે ત્યારે મામુલી કારણે જીવ જોખમમાં ન મુકાય તે માટે કાળજી લેવા જણાવેલ.

શ્રી કે.એમ. પટેલ, લાયસન્સ ઇલેક્ટ્રીકલ વિભાગ, ગાંધીનગર, પોતાના પ્રવચનમાં જણાવેલ કે, વીજ અકસ્માતનું નિવારણ એ આપણી સહિયારી જવાબદારી છે. જેમાં દેશનું ભાવિ એવા બાળકોને સમજણ આપી આપણે મહત્ત્વનું કામ કરી રહ્યા છીએ. વીજ અકસ્માત નિવારણ દ્વારા પણ મહત્ત્વના સૂચનો રજૂ કરવામાં આવેલ છે.

મહાનુભાવોના પ્રવચનો બાદ વીજ અકસ્માત નિવારવા માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવેલ, જેમાં ઉચ્ચ ગુણવત્તાવાળા આઇએસઆઇ માર્કાવાળા જ વીજ ઉપકરણો વાપરવા, વીજ સલામતી અંગેની સાવચેતી રાખવા, વીજ લાઇનની નજીક બાંધકામ ન કરવા, વીજ લાઇન ઉપરથી સીધુ લંગર ન નાખવા, નાના બાળકોને વીજ પ્રવાહ કે સ્વીચથી દૂર રાખવા, વીજ અર્થિંગ કરવા, વીજળીનું વાયરીંગ કે વીજળીના સાધનોનું સમારકામ અધિકૃત પરવાનેદાર પાસે જ કરાવવાનો આગ્રહ રાખવા તેમજ કુટુંબની સલામતીનું હંમેશા ધ્યાન રાખવાનો સમાવેશ કરવામાં આવેલ.

## સોલાર રૂફ ટોપ અંગે યોજવામાં આવેલ ચિત્ર સ્પર્ધાના વિજેતા ઉમેદવાર



| ક્રમાંક | નામ | સ્કૂલનું નામ | ધોરણ |
|---|---|---|---|
| ૧ | કું. પ્રેયલ હરીશભાઈ પટેલ | વિજયનગર પ્રા.શાળા | ધો.૮ |
| ૨ | મિસ્ત્રી દ્રષ્ટિ કે. | અવરઓન હાઈસ્કૂલ | ધો.૧૦ |
| ૩ | બારિયા અંજલિ એસ. | અવરઓન હાઈસ્કૂલ | ધો.૮ |




નાટક

કાર્યક્રમ પૂર્ણ થયા બાદ દૂરદર્શનને આપેલ ઇન્ટરવ્યુમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી દ્વારા વીજ સલામતી માટે ઇએલસીબી સ્વીચ/પીસીબી સ્વીચ લગાવવાનો આગ્રહ રાખવા અનુરોધ કરવામાં આવેલ. હિંમતનગર સર્કલ દ્વારા કરવામાં આવેલ સદર કાર્યક્રમ અંગે સંતોષની લાગણી અનુભવેલ. ઉપસ્થિત ગ્રાહકો સાથે વાર્તાલાપ કરીને હકારાત્મક પ્રતિસાદ આપેલ. કુલ ૧૫૦૦ જેટલા બાળકોએ ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધેલ જેમાં વિજયનગર જેવા અંતારિયાળ વિસ્તારમાંથી કું. પ્રેયલ હરીશભાઈ પટેલ પ્રથમ ક્રમે વિજેતા થયેલ.

સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન લાયન્સ કલબ, તલોદ વિભાગીય કચેરી તલોદ તથા હિંમતનગર સર્કલ દ્વારા કરવામાં આવેલ. દરેક કામગીરીની વહેંચણી કરીને સમિતિઓ બનાવીને સમગ્ર કાર્યક્રમનું માઇક્રો આયોજન કરવામાં આવેલ, જે બદલ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા સંલગ્ન તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવી કામગીરીને બિરદાવવામાં આવેલ. ધ્રુવ પંડ્યા, શિક્ષક, જે.બી. ઉપાધ્યાય દ્વારા કાર્યક્રમનું સુંદર સંકલન કરવામાં આવેલ. ■

# એપ્રેન્ટીસ લાઈનમેનોને કૌશલ્યવર્ધક તાલીમ કાર્યક્રમનું હિંમતનગર ખાતે આયોજન

ભારતના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સેવવામાં આવેલ સ્વપ્ન અન્વયે ‘‘કૌશલ્યવર્ધક’ અંગેના વિવિધ કોર્સ દ્વારા વધુ કાર્યદક્ષ ‘માનવશક્તિ’નું સર્જન કરીને તેના યોગ્ય ઉપયોગ દ્વારા દેશના વિકાસને ઝડપી વેગ આપવાના પ્રયાસો હંમેશા રહેલ છે. જેના ભાગરૂપે ઉત્તર ગુજરાત વીજ કંપની લી. દ્વારા પણ પોતાની સાથે જોડાયેલ એપ્રેન્ટીસ લાઈનમેન તરીકે કામ કરતા કુલ ૧૬૪ (એકસો ચોસઠ) કર્મચારીઓને કૌશલ્યવર્ધક માટેના કાર્યક્રમોનું આયોજન હિંમતનગર–શામળાજી હાઈવે, કાંકણોલ ખાતે આવેલ બીએપીએસ, સ્વામીનારાયણ મંદિરમાં આવેલ ઓડિટોરીયમમાં તા. 24,26, 28 અને 31 ડિસેમ્બર 2019 દરમ્યાન કરવામાં આવેલ. જેના ઉદ્‌ઘાટન સમારંભનું આયોજન તા. 24-12-2019ના રોજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘના અધ્યક્ષ સ્થાને તેમજ કલેક્ટર, સાબરકાંઠા શ્રી સી.જે. પટેલના મુખ્ય મહેમાનપદે કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાઈનાન્સ), શ્રી આર.બી. કોઠારી, વિશેષ મહાપ્રબંધક (એચઆર), શ્રી એ.સી. પ્રજાપતિ, પ્રિન્સિપાલ, આઈટીઆઈ કોલેજ, હિંમતનગર, શ્રી એસ.કે. ઠક્કરની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં હિંમતનગર સર્કલના અધિક્ષક ઈજનેર, શ્રી પી.સી. શાહ દ્વારા શબ્દોથી સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પગુચ્છ દ્વારા આપણી સાંસ્કૃતિક પરંપરા મુજબ સ્વાગત કરવામાં આવેલ. દિપપ્રાગટ્ય દ્વારા મહાનુભાવોએ કાર્યક્રમને ખુલ્લો મુકેલ.

પ્રાસંગિક પ્રવચનમાં વિશેષ મહાપ્રબંધક (એચઆર), શ્રી એ.સી. પ્રજાપતિએ આ પ્રકારનો કૌશલ્યવર્ધક કાર્યક્રમ યુજીવીસીએલ



*પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત*



*પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત*



*ઉદ્‌બોધન*

પ્રથમ વીજ કંપની હોવાનું જણાવી સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ લક્ષ્યાંક પણ પૂર્ણ કરવામાં આવેલ છે તેની માહિતી આપેલ.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યાએ જણાવેલ કે યુજીવીસીએલ ભારતની શ્રેષ્ઠ વીજ વિતરણ કંપની પૈકીની એક હોવાથી તેની સાથે કામ કરવાનો લાભ મેળવનાર એપ્રેન્ટીસ લાઈનમેન તરીકે તમો કંપનીનું ભવિષ્ય છો, રાષ્ટ્રીય અને રાષ્ટ્રીયકક્ષાના એવોર્ડ્ઝ મેળવતી આ કંપનીને તાજેતરમાં સીબીઆઈપી દ્વારા શ્રેષ્ઠ યુટીલિટીનો એવોર્ડ જાહેર થયેલ છે અને પોતાની યશ કલ્ગીમાં વધુ એક પીંછાનો ઉમેરો કરેલ છે. કંપની સાથે જોડાયાનું ગૌરવ અનુભવવા તેમજ સલામત કામગીરી કરીને કંપનીના ભવિષ્યને ઉજ્જવલ કરવા અનુરોધ કરેલ.

શ્રી એસ.કે. ઠક્કર, પ્રિન્સિપાલ, આઈટીઆઈ, કોલેજ, હિંમતનગર દ્વારા કૌશલ્યવર્ધન કરવા માટેની ટ્રેનિંગ અંગેની સમજ આપી તેનો મહત્તમ લાભ લેવા અપીલ કરેલ.

પ્રાસંગિક પ્રવચનમાં સાબરકાંઠાના કલેક્ટર શ્રી સી.જે. પટેલ દ્વારા એપ્રેન્ટીસ યોજના અન્વયે યુજીવીસીએલ તેમજ અન્ય વીજવિતરણ કંપની દ્વારા કરવામાં આવેલ કામગીરીની પ્રસંશા કરેલ. અનુભવ દ્વારા જ માણસનું ઘડતર થાય છે અને કૌશલ્યવર્ધક કાર્યક્રમ દ્વારા વધુ સારું ઘડતર થશે તેવી આશા વ્યક્ત કરેલ. સાવચેતીપૂર્વક કામગીરી કરવા અનુરોધ કરેલ તેમજ ઉજ્જલ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવેલ તેમજ સમારંભમાં બોલાવીને સન્માન આપવા બદલ યુજીવીસીએલનો આભાર માનેલ.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંગ દ્વારા પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ઉપસ્થિત એપ્રેન્ટીસ લાઈનમેનોને કૌશલ્યવર્ધન કાર્યક્રમ દ્વારા અન્ય કંપની કરતાં પોતાના કાર્યદક્ષતાના સ્તરને ઉપર લઈ જઈ વધુ સર્વાંગી વિકાસ કરીને સફળ થવા માટે શુભેચ્છા પાઠવેલ. તેમજ સફળ કામગીરી માટે જરૂરી માર્ગદર્શન આપેલ.

કાર્યક્રમના અંતમાં શ્રી પી.સી. શાહ, અધિક્ષક ઈજનેર દ્વારા પોતાનો કિંમતી સમય ફાળવી ઉપસ્થિત રહેલ મહાનુભાવોનો હૃદયપૂર્વક આભાર માનેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી મોહનભાઈ આઈ. પટેલ, ભૂતપૂર્વ પ્રિન્સિપાલ, માયઓન હાઈસ્કૂલ, હિંમતનગર દ્વારા સફળતાથી કરવામાં આવેલ. ■

# યુજીવીસીએલના નવીનીકરણ કરેલ પોલીસ સ્ટેશનનો ઉદ્ઘાટન સમારંભ



દિપપ્રાગટ્ય



તક્તીનું અનાવરણ



સન્માન

તા.૨૪-૧૨-૨૦૧૯ના રોજ હિંમતનગર ખાતે આવેલ ઉત્તર ગુજરાત વીજ કંપનીના વિસ્તાર હેઠળના યુજીવીસીએલ પોલીસ સ્ટેશનના નવીનીકરણ કરેલ પોલીસ સ્ટેશનનો ઉદ્ઘાટન સમારંભ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘના અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાઈનાન્સ) શ્રી આર.બી. કોઠારી વિશેષ મુખ્ય ઇજનેર (સીવીલ) શ્રી પી.જે. ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક (માનવ સંપદા) શ્રી એ.સી. પ્રજાપતિ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર, શ્રી કે.કે. પંડ્યા, નાયબ પોલીસ અધિક્ષક અને ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર હિંમતનગર તેમજ મોટી સંખ્યામાં અધિકારી, કર્મચારીઓ અને પોલીસ કર્મીઓ ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમની શરૂઆત ગણેશ વંદના દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ પુષ્પગુચ્છ દ્વારા મંચ પર બિરાજમાન મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવેલ. શબ્દોથી સ્વાગત શ્રી કે.કે. પંડ્યા, નાયબ પોલીસ અધિક્ષક દ્વારા કરવામાં આવેલ. તક્તીનું અનાવરણ સમારંભના અધ્યક્ષ, શ્રી મહેશ સિંઘ દ્વારા કર્યા બાદ નવીનીકરણ કરેલ. પોલીસ સ્ટેશનને રીબન ખોલીને ખુલ્લુ મુકવામાં આવેલ અને દીપપ્રાગટ્ય મહેમાનોના વરદ્ હસ્તે કરવામાં આવેલ તેમજ નિરીક્ષણ કરીને માહિતી મેળવેલ.

## રાષ્ટ્રપતિ ચંદ્રકથી સન્માનિત શ્રી કે.એન. રાઠોડ, નિવૃત્ત પોલીસ સબઈન્સ્પેક્ટરનું સન્માન



આ પ્રસંગે નિવૃત્ત પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી કે.એન. રાઠોડ જે હાલમાં બીપીએસ તરીકે ફરજ બજાવે છે. જેઓને પોતાની વિશિષ્ટ કામગીરી માટે 'રાષ્ટ્રપતિ ચંદ્રક' દ્વારા ૨૦૧૭ના વર્ષમાં કરવામાં આવેલ. સન્માન માટેની જાહેરાત કરવામાં આવેલ. જેઓનું સન્માન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ દ્વારા કરવામાં આવેલ. શ્રી રાઠોડનું અભિવાદન ઉપસ્થિત તમામ મહાનુભાવો દ્વારા તાળીઓના ગડગડાટથી વધાવીને કરવામાં આવેલ.

શ્રી રાઠોડ દ્વારા પોતાને આપવામાં આવેલ રાષ્ટ્રપતિ ચંદ્રક અંગેની માહિતી રજુ કરતા જણાવ્યું હતું કે તેઓએ ૧૮ વર્ષ સુધી પોલીસ ઈન્સ્પેક્ટર તથા નાયબ પોલીસ અધિક્ષકના 'રાઈટર' તરીકે કામગીરી કરેલ અને ૨૦૧૮થી યુજીવીસીએલના પોલીસ સ્ટેશનની કામગીરી સાથે સંકળાયેલ હોવાનું જણાવી સાથ અને સહકાર આપનાર સહકર્મચારીઓ અને યુજીવીસીએલના સત્તાધીશોનો આભાર માનેલ.

સમારંભના અધ્યક્ષ અને કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ દ્વારા નવીનીકરણ કરવામાં આવેલ. પોલીસ સ્ટેશન અંગે પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવેલ કે, કર્મચારીઓને કામ કરવાની જગ્યા જરૂરી સગવડોથી સજ્જ હોય ત્યારે કર્મચારીઓ વધુ સારી રીતે પોતાની કામગીરી બજાવી શકે. નવીન પોલીસ સ્ટેશનના કર્મચારીઓની કામગીરી અંગે સંતોષની લાગણી વ્યક્ત કરેલ. કામગીરી બદલ શ્રી પંડ્યા તથા તેમના સહકર્મચારીઓને અભિનંદન પાઠવેલ. કલમ ૧૩૫ હેઠળ કરવામાં આવેલ કેસોનો ઝડપી નિકાલ આવે, જેનાથી કંપનીને રેવન્યુ મળે તેવી કામગીરી કરવા અનુરોધ કરેલ. યુજીવીસીએલ અને પોલીસ સ્ટેશનનું સારું સંકલન રહે તે માટે આહ્વાન કરેલ.

કાર્યક્રમના અંતમાં આભારવિધિ શ્રી બી.જી. વાઘેલા યુજીવીસીએલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા કરવામાં આવેલ. શ્રી ડી.વી. વાઘેલા પોલીસ ઈન્સ્પેક્ટર સાબરમતી દ્વારા કાર્યક્રમનું સફળ સંચાલન કરેલ. ■

# બંધારણ સ્વીકૃતિની ૭૦મી વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે મહેસાણા ખાતે લોકજાગૃતિ કાર્યક્રમનું આયોજન



તા. 06-12-2019ના રોજ યુજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી દ્વારા મહેસાણા ખાતે માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘના માર્ગદર્શન હેઠળ કંપનીનાં અધિકારીઓ/કર્મચારીગણ દ્વારા "બંધારણ સ્વીકૃતિની ૭૦મી વર્ષગાંઠ તથા બાબાસાહેબ શ્રી ડો. ભીમરાવ આંબેડકરની જન્મજયંતી નિમિત્તે બંધારણની મૂળભૂત ફરજો પ્રત્યે લોક જાગૃતિના કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવેલ.

સદર કાર્યક્રમના ભાગરૂપે વિશેષ મહાપ્રબંધક (મા.સં), શ્રી એ.સી. પ્રજાપતિ દ્વારા ભારતીય બંધારણના આમુખનું વાંચન કરવામાં આવેલ. ત્યારબાદ ભારતના બંધારણની મૂળભૂત ફરજો પર નીચે મુજબના શપથ લેવડાવવામાં આવેલ.

(૧) બંધારણનું પાલન કરીશું, રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાનનો આદર કરીશું. (૨) સ્વતંત્રતા માટેની આપની રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનાર આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરીશું અને અનુસરીશું. (૩) ભારતનું સાર્વભૌમત્વ, એકતા અને અખંડીતતાનું સમર્થન કરીશું અને રક્ષણ કરીશું. (૪) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતા રાષ્ટ્રીય સેવા કરીશું. (૫) ભારતના તમામ લોકોમાં સુમેળ અને બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની અને સ્ત્રીઓમાં ગૌરવ અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દઈશું. (૬) સંસ્કૃતિના વારસાનું મૂલ્ય સમજીને તે જાળવી રાખીશું. (૭) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુ-પક્ષી સહિત કુદરતી પર્યાવરણનું જતન કરીશું. (૮) વૈજ્ઞાનિક દ્દષ્ટકોણ, માનવતાવાદનો વિકાસ કરવાનો, જ્ઞાનજને તથા તેમાં સુધારણાની ભાવનાનો વિકાસ કરીશું. (૯) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરીશું. (૧૦) વ્યક્તિગત અને સામૂહિક પ્રવૃત્તિમાં તથા તમામ ક્ષેત્રમાં શ્રેષ્ઠતા હાંસલ કરવા પ્રયત્ન કરીશું. (૧૧) માતા પિતાએ તેના ૬ થી ૧૪ વર્ષ સુધીના બાળકોને શિક્ષણ પૂરું પાડવાની ફરજ બજાવીશું.

સદર કાર્યક્રમ દ્વારા આ રાષ્ટ્રીય ઝુંબેશમાં મોટી સંખ્યામાં અધિકારી અને કર્મચારીગણ સહભાગી થઈને મૂળભૂત ફરજોના પાલન માટેની શપથ લીધેલ. ■

# ગુજરાત સમગ્ર ભારતમાં 'પાવર યુટિલિટી'માં પ્રથમ ક્રમાંકે



તા. ૬-૭ નવેમ્બર-૨૦૧૯ દરમિયાન ૧૩મી ઇન્ડિયન એનર્જી સમિટ ૨૦૧૯માં ગુજરાત રાજ્યને સમગ્ર ભારતમાં "પાવર યુટિલિટીમાં પ્રથમ ક્રમાંકે નવાજવામાં આવેલ. ગુજરાત રાજ્યવતી ઉત્તર ગુજરાત વીજ કંપનીના વિશેષ મુખ્ય ઇજનેર (ટેક), શ્રી જે.કે. દરજી, અધિક્ષક ઇજનેર (ટેક) શ્રી જી.ડી. પટેલ, નાયબ ઇજનેર (ટેક) એમજીવીસીએલ, શ્રી વી.પી. દાતે દ્વારા શ્રી સુભાષચંદ્ર ગર્ગ, ભૂતપૂર્વ સચિવ, વીજ મંત્રાલય ભારત સરકારના વરદ્ હસ્તે એનાયત કરવામાં આવેલ. ■

# કાવ્યધારા

ફરી એક ઘટના ઘટી,
હૈયું કંપ્યું પણ અશ્રૂ ના ખર્યા,
કાળજું કંપાવતી ઘટના,
રોજીંદા જીવનની ઘટમાળ બની હઈ,
આત્મા સર્વેનો મરી ગયો,
બીજાના દુઃખને ભૂલતો ગયો,
નારીનું જીવન દોઝખ બનતું રહ્યું,
તોય કોઈને કંપનનો આસાર ના થયો,
છે બધા ઘરમાં બેનને દીકરી,
અટકાવો અન્યાય ક્યાંયના નહીં રહો,
જેવી કરણી તેવી ભરણી,
સળગાવો એ ધરાધમોને કોની રાહ જોશો,
ના કોઈ સૂણે ના મળે ક્યાંયથી ન્યાય,
'શૈલ' કહે હવે તો ઉપાડો હથિયાર
એજ અંતિમ અધ્યાય.

**શૈલેષ એમ. યાદવ**
ડેપ્યુટી એન્જિનીયર, યુજીવીસીએલ, સબડિવિઝન, પ્રાતિજ

## યુજીવીસીએલ વર્તુળ કચેરી સાબરમતી ખાતે, વર્કશોપનું આયોજન

શીખધર્મના મહાન સંસ્થાપક શ્રી ગુરુ નાનક દેવજીની 550મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે આજ તારીખ ૨૦/૧૧/૨૦૧૯ના રોજ વર્તુળ કચેરી સાબરમતી ખાતે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની તમામ વિભાગીય કચેરી, વર્તુળ કચેરી તથા કોર્પોરેટ કચેરીના એચ.આર. વિભાગના કર્મચારી/અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં એપ્રેન્ટિસ એડવાઇઝર શ્રી ડી.ડી. પરમાર તથા શ્રી ભરત લોધા ઉપસ્થિત રહ્યા

શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) તથા શ્રીમતી બી.એમ. ઘાઈ, કાર્યપાલક ઇજનેર, બોપલ દ્વારા મહાન સંત શ્રી ગુરુ નાનક દેવજીના જીવન દર્શન તથા તેઓના ઉપદેશને લગતી માહિતી આપવામાં આવેલ. તેમજ તેઓએ કરેલ અમૂલ્ય કાર્યોનો સંદેશ દરેક કર્મચારી, તેમના કુટુંબ તથા સમાજના લોકો સુધી ફેલાય તે શુભ આશય






અંગે અનુરોધ કરેલ.

કાર્યક્રમના અંતમાં ગુરુ નાનક દેવજીની 550મી જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે સ્વચ્છતા અભિયાન અંતર્ગત "NO USE OF SINGLE USE PLASTIC"ના સંકલ્પ સાથે સાબરમતી સ્થિત કોલોનીમાં સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું.

આ સામૂહિક કાર્યક્રમમાં સાબરમતી વર્તુળ કચેરી, પાલનપુર વર્તુળ કચેરી, મહેસાણા વર્તુળ કચેરી અને હિંમતનગર વર્તુળ કચેરી તથા તેમની વિભાગીય કચેરીના એચ.આર સ્ટાફ બહોળી સંખ્યામાં સહભાગી થયેલ, તેઓ તમામનો સાબરમતી વર્તુળ કચેરીનાં પર્સોનલ ઓફિસર શ્રી મહિડા દ્વારા આભાર વ્યક્ત કરી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું. ■

## મેનેજિંગ ડિરેક્ટરશ્રીને જન્મદિવસની શુભકામના

તા. ૧-૧-૨૦૨૦ના રોજ કંપનીના માર્ગદર્શક અને સફળ કામગીરીના સૂત્રધાર એવા મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘને તેમના જન્મદિવસ નિમિત્તે કંપનીના ઉચ્ચઅધિકારી, શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઇજનેર (ઓપરેશન), શ્રી આર.બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ), શ્રી વી.એમ. શ્રોફ, ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર (પી), શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) તથા અન્ય ઉચ્ચ અધિકારી અને કર્મચારીઓ દ્વારા ખૂબ ખૂબ



શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. જન્મદિન નિમિત્તે હાજર રહેલ કોર્પોરેટ ઓફિસના મહિલા કર્મચારીઓને જીયુવીએનએલ વડોદરા દ્વારા યુજીવીસીએલની મહિલા



અધિકારી/કર્મચારીઓ માટે મંજૂર થયેલ તથા ફાળવવામાં આવેલ યુનિફોર્મ બ્લોક વર્ષ ૨૦૧૭-૨૦૧૯ના યુનિફોર્મનું વિતરણ કરવામાં આવેલ. ■

## મહિલા સશક્તિકરણ અંતર્ગત જાગૃતિ કાર્યક્રમનું આયોજન

તા. ૧૫-૧૧-૨૦૧૯ના રોજ જીઈકેસી સાબરમતી ખાતે મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અંતર્ગત જાણીતા સોશિયલ એક્ટિવિસ્ટ શ્રી રૂઝાન ખંભાતા તથા ડો. અનીતાબેન બી. પટેલ, પારૂલ યુનિવર્સિટી, વડોદરા દ્વારા હિંમતનગર અને સાબરમતી વર્તુળ કચેરીના મહિલા કર્મચારીઓ સશક્તિકરણ અંતર્ગત જાગૃતિ કેળવાય તે માટે પ્રેરણા આપવા માટે માર્ગદર્શક પ્રવચન આપવામાં આવેલ. ■



## આઈસીઆઈએસએના તાલીમાર્થિઓની મુલાકાત





તારીખ ૬-૧૨-૨૦૧૯નાં રોજ સી.એ.જી. (C&AG) અંતર્ગત આવતી તાલીમ સંસ્થા ઇન્ટરનેશનલ ટ્રેનિંગ સેન્ટર ફોર ઇન્ફોર્મેશન સિસ્ટમ એન્ડ ઓડિટ (iCISA)નાં કુલ ૩૮ (આડત્રીસ) જેટલા તાલીમાર્થિઓ સમગ્ર વિશ્વમાંથી ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં અભ્યાસ અર્થે સરગાસણ સબસ્ટેશનની મુલાકાતે આવેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપની (યુજીવીસીએલ)નાં મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘના માર્ગદર્શન હેઠળ શ્રી આર.બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ) અને ચીફ ફાઇનાન્સ ઓફિસર અને શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઇજનેર (ઓપરેશન) દ્વારા નારાયણી હાઇટ રિસોર્ટ, ગાંધીનગર ખાતે ગુજરાત પાવર સેક્ટર અને યુજીવીસીએલની માહિતી આપતું પ્રેઝેન્ટેશન રજૂ કરેલ, જેનો ઉપસ્થિત તાલીમાર્થિઓ દ્વારા સાનૂકુળ પ્રતિસાદ આપવામાં આવેલ. પ્રેઝેન્ટેશન બાદ તાલીમાર્થિઓ દ્વારા પુછવામાં આવેલ પ્રશ્નોનાં જવાબો પણ આપવામાં આવેલ. ■

## યુજીવીસીએલ પરિવારનું ગૌરવ



તા. ૨૭-૧૨-૨૦૧૯ના રોજ મોડાસા વિભાગીય કચેરી ખાતે ફરજ બજાવતા શ્રી અરવિંદભાઈ જી. વાઘેલા, નાયબ ઇજનેરના પુત્રવધૂ ડો. શિવાની દિવ્યાંગ વાઘેલાએ જૂનાગઢ કૃષિ યુનિ.માં પોસ્ટ ગ્રેજ્યુએટ માસ્ટર ઓફ વેટરનરી એન્ડ સાયન્સ પદવીમાં મહામહિમ રાજ્યપાલ શ્રી દેવવ્રત આચાર્યના હસ્તે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ. જે બદલ યુજીવીસીએલ પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે અને ભવિષ્યની ઉજ્જવળ કારકિર્દી માટે ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. ■

## ઉત્તરપ્રદેશની ટીમ દહેગામ SKY ફીડરની મુલાકાતે



તા. ૧૬ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ ઉત્તરપ્રદેશ ઇલેક્ટ્રીસિટી બોર્ડના ઉચ્ચ અધિકારીઓની એક ટીમે ગાંધીનગર ગ્રામ્ય વિભાગીય કચેરીના તાબા હેઠળ આવેલ દહેગામ ગ્રામ્ય પેટાવિભાગીય કચેરીના નિત્યાનંદ ફીડર કે જે સૂર્યશક્તિ કિસાન યોજના (SKY) તરીકે જાણીતું છે, જેની મુલાકાત લઈને યોજનાની માહિતી મેળવેલ.

કાર્યક્રમ દરમ્યાન કોર્પોરેટ ઓફિસના અધિક્ષક ઇજનેર, શ્રી વી.એચ. ઠાકર તથા જીપીઆરડી સેલના નાયબ ઇજનેર, શ્રી જતિન ઉપાધ્યાય ઉપસ્થિત રહેલ. ■

## શ્રદ્ધાંજલી



તા. 29-30 નવેમ્બર ૨૦૧૯ અને તા. ૧ ડિસેમ્બર ૨૦૧૯ દરમ્યાન યોજાયેલ ૧૪મી ઇન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં પાલનપુર સર્કલની ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન સ્વ. કમલેશભાઈ પુરોહિત (ઉર્ફે કાકુ)ના અવસાન અંગે તમામ ટીમના ખેલાડીઓ દ્વારા શ્રંદ્ધાજલી આપીને તેમની સાથે વિતાવેલ યાદોને તાજી કરેલ.

પ્રાસંગિક પ્રવચન શ્રી નિરવ દવે, કેપ્ટન, સાબરમતી સર્કલ, શ્રી એચ.એમ. ઓઝા, કેપ્ટન, મહેસાણા સર્કલ, શ્રી ભાવેશ પટેલ, કેપ્ટન, હિંમતનગર સર્કલ તેમજ સિનિયર ખેલાડી શ્રી પી.પી. પ્રજાપતિ, મહેસાણા સર્કલ તેમજ શ્રી વાય.એસ. રાવલ, પાલનપુર સર્કલે પોતાના પ્રવચનોમાં સ્વ. કમલેશભાઈ પુરોહિતની યાદગાર પળોને વાગોળીને પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરેલ અને જણાવેલ કે યુજીવીસીએલે એવા રમતવીરને ગુમાવેલ છે કે જેની ખોટ પુરી શકાય તેમ નથી. જેમને લીધે પાલનપુર સર્કલ એક 'સ્પોર્ટસ સર્કલ' તરીકે જાણીતું બનેલ.

કાર્યક્રમના અંતમાં ઉપસ્થિત તમામ ખેલાડીઓએ 14મી ઇન્ટર કંપની ટ્રોફીની જીત સ્વ. કમલેશ પુરોહિતને અર્પણ કરવાની જાહેરાત કરી બે મિનિટનું મૌન પાળીને પ્રાર્થના કરેલ. ■



## આપના **પ્રતિભાવ** મોકલશો

પ્રતિ,
સંપાદક, આપણું યુજીવીસીએલ
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
આરએન્ડસી, ઓફિસ, વિસનગર રોડ,
મહેસાણા-૩૮૪૦૦૧

Very Nice work go ahead.

**- Parth,** *CPF, Sbt*

Correct and it should be published your efforts are surely appreciable my view is just to keep it of at the most ten pages otherwise it will loose its charm

**- J.T. Ray,** *DGM, GUVNL*

Our organization is purely technical side. It is essential to put one technical topics with our achievement in each news letter. Good.

**- J.K. Darji,** *ACE, TECH*

Congrats... Njoy your favourite job. all the Best Wishes...

**- Pradip Pandya,** *Ex. UGVCL, Employee*

Congratulation and wish you become more and more successful. No. 01.

**- Raghunath Chauhan,**
*Ex. UGVCL, Employee*

The Magazine is very informative. Content and design is excellent.

**- P. R. Ranpara,** *AGM, MGVCL*

Nice Job, Appreciative work.

**- L.N. Mahida,** *PO Sabarmati*

Excellent. **- Nitiben,** *Ex. Employee, PR Cell,* GUVNL

Congratulations company has recognizes your workship and abilities all the best.

**- R. R. Joshi,** *Ex. Employee,* HMT

Congratulations and best of luck for your new assignment.

**- Himanshu Diwan,** BSNL, Ahmedabad

Congrats, Khubaj saras che, Nice work.

**- Gopal Sathwara,** *MGVCL*

Absolutely fine..

**- S.P. Vaidhy,** Ex. SE, *SBT, UGVCL*

Very good & nice one.

**- M.G. Patel,** Ex. CE, UGVCL

It's gives me immence pleasure to, see the latest News letter of "APNU GUJARAT" your magazine is so informative which develops interest to read it on only one seating. I passed my deep sense of gratitude towards the editor of magazine. With you all the best for bright future endevor of editor & editorial team – UGVCL.

**- Kalpesh V. Parmar,**
Dy. Spertitendent (A/c), GUVNL

અભિનંદન... સહ શુભકામનાઓ...

**–એમ.બી. અટોદરીયા,**
*નિવૃત્ત પ્રાફેસર, ગાંધીનગર*

જોરદાર... ખરેખર મસ્ત... બધા જ સમાચાર કવર કર્યા. અભિનંદન.

**–એસ.એમ. પ્રજાપતિ,** *ઈએમસી, ગાંધીનગર*

વાહ ખરેખર સરસ અંક છે.

**– મિતેશ શુક્લ,** *ગ્રાહક, ગાંધીનગર*

ખૂબ સરસ.

**– આર.સી. શાહ,** *નાયબ ઈજનેર,*
*સિવિલ જેટકો, મહેસાણા*

ખૂબ સુંદર લખ્યું છે અને બધા સમાચાર, દરેક વર્તુળ કચેરીના અને સ્ટેચ્યુ યુનિટી સરદાર ડેમ દેશના ઊર્જા મંત્રીઓની કોન્ફરન્સનો અહેવાલ પણ ખૂબ સુંદર વર્ણન કરેલ છે. ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે.

**– સુનિલ દરજી, જીઈકેસી, સાબરમતી**

# રાજ્ય સરકારનો વધુ એક કિસાન હિતકારી નિર્ણય

## રાજ્યમાં હોર્સપાવર આધારિત કૃષિ વિષયક વીજગ્રાહકો-ધરતીપુત્રો પાસેથી એકસમાન વીજ દર લેવાશે.

**હવે ૦ થી ૭.૫ હોર્સ પાવર તેમજ ૭.૫ હોર્સ પાવરથી વધુ બન્ને માટે એક સમાન રૂ. ૬૬૫ પ્રતિ હોર્સપાવર પ્રતિ વર્ષનો વીજદર રહેશે.**

**આ નિર્ણયથી હાલ ૭.૫ હોર્સ પાવરથી વધારાના વીજ જોડાણ ધરાવતા અંદાજે ૨ લાખ કૃષિ વિષયક વીજગ્રાહકો-ખેડૂતોને લાભ મળશે.**

**રાજ્ય સરકારને આ તફાવત પેટે વાર્ષિક અંદાજે રૂ. ૭૭ કરોડનો વધારાનો બોજ વહન કરવાનો થશે.**



આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ બાજુનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
pro@ugvcl.com
mitesh@ugvcl.in